# ગાંધીનગરમાં કાતિલ ઠંડી યથાવત

**પારો હજુ ૬.૫ ડીગ્રીએ સ્થિર : શહેરમાં વિક્રમજનક ઠંડી યથાવત : જો કે મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઉંચકાતા દિવસે ઠંડીમાં રાહત : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૨૩ ડીગ્રીનો તફાવત : સવારે ભેજનુ પ્રમાણ પણ વધ્યુ**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં છે. ઠંડીના એકધારા આક્રમણથી નગરજનો પણ સુન્ન પડી ગયા છે. આકરી ઠંડીએ શહેરને બાનમાં લીધુ છે. ગઈકાલે પણ શહેરમાં વિક્રમજનક ઠંડી નોંધાઈ હતી લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ કાતિલ કોલ્ડવેવનો સામનો કરવો પડયો હતો. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો સ્થિર રહેતા લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રીએ જ રહ્યુ હતુ. જો કે આજે મહત્તમ તાપમાન દોઢ ડીગ્રીના વધારા સાથે ૨૯.૫ રહેતા દિવસે નગરજનોએ ઠંડીમાં રાહત અનુભવી હતી. દિવસે અને રાત્રિના તાપમાનમાં ૨૩ ડીગ્રનો તફાવત જોવા મળ્યો હતો. જયારે સવારે ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જેના લીધે સવારના સમયે ઠંડી વધુ આક્રમક પુરવાર થઈ હતી.

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીએ કડાકો બોલાવતા નગરજનો ઘરમાં પુરાઈ ગયા છે. દિવસ રાત ઠંડીની અસરથી બચવા માટે શહેરીજનો સ્વેટર , ટોપીમાં સજ્જ જોવા મળે છે. ત્રણ દિવસ અગાઉ લઘુત્તમ તાપમાનમાં એકાએક ગિરાવટ આવતા લઘુત્તમ તાપમાન ૧૪ થી નીચે ઉતરીને સીધુ ૧૧ ડીગ્રીએ આવી ગયુ હતુ ત્યારબાદ રોજબરોજ લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળતા ઠંડીનુ જોર વધ્યુ હતુ. ત્યારબાદ ઠંડીનો પારો ૩ ડીગ્રી વધુ ઉંચકાયો હતો જયારે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ આવી ગયુ હતુ. બે દિવસ સુધી ઠંડીનો મિજાજ યથાવત રહ્યો હતો. જયારે ગઈકાલે શિયાળાની મોસમ વધુ આકરી પુરવાર થઈ હતી. લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી જયારે છેલ્લા ૯ વર્ષમાં સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. ઠંડીએ હદ વટાવતા સૌ કોઈ કોલ્ડવેવથી પ્રભાવિત છે. વડીલો અને બાળકો ઠંડીથી વધુ પ્રભાવિત છે. શહેરમાં ઠંડીની મોસમનો આકરો મિજાજ યથાવત રહેતા શહેરના જનજીવન પર કોલ્ડવેવની અસર વર્તાઈ રહી છે. સેકટરોમાં સમયે પણ સેકટરોમાં ઘરના બારી દરવાજા બંધ થઈ જાય છે. સેકટરવાસીઓ ઘરની બહાર નિકળતા નથી. ગઈકાલની જેમ કે ગઈકાલની સાપેક્ષમાં દિવસનુ તાપમાન ઉંચકાતા નગરજનોએ દિવસે ઠંડીમાં રાહત અનુભવી હતી. દિવસે મહત્તમ તાપમાન



સવારે સુર્યોદય થયા બાદ મોડે સુધી સેકટરવાસીઓ ઘરની બહાર ડોકીયુ કરતા નથી જયારે સાંજના આજે પણ લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રીએ જ રહેતા સમગ્ર શહેર કાતિલ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યુ છે. જો ૨૯.૫ ડીગ્રી રહ્યુ હતુ. જેના લીધે દિવસનો તાપ થોડો આકરો બન્યો

● અનુસંધાન પાન-૭ પર

# ...ને સવારે ૫.૪૫ સુધી મતગણતરીનું કામ ચાલ્યુ

**સરઢવ-નાંદોલમાં સરપંચોની સરસાઈ ૧૮૦૦થી વધુ : યુવાઓ વધુ ચૂંટાયા : ૨૨ પંચાયતો સમરસ થઈ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીના તમામ પરિણામ સવારે ૫.૪૫ વાગ્યા સુધીમાં જાહેર થયા હતા. ગઈકાલે નવ વાગ્યાથી શરૂ થયેલી મતગણતરીની કામગીરી પણ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ જતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં ૧૭૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની હતી પરંતુ ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે એટલુ જ નહિ પાંચ ગ્રામ પંચાયતો અંશતઃ સમરસ થઈ હતી.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીમાં ૧૮૦૦થી વધુ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો. મતદાન અને મતગણતરી બન્ને શાંતિપૂર્વક સંપન્ન થતાં તંત્રએ હાશ અનુભવી છે.

આ વખતની ચૂંટણીમાં બે જગ્યાએ ચીઠ્ઠી ઉપાડી વિજેતા ઉમેદવાર જાહેર થયા હતા તો ત્રણથી વધુ ગામોમાં સરપંચ પદ માટે પુનઃ મત ગણતરી આપવામાં આવી હતી જો કે પરિણામમાં કોઈ ફેરફાર થયો ન હતો.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ હવે નવા સરપંચો દ્વારા પંચાયતોનો વહીવટ સંભાળી લેવામાં આવશે. આ વખતની ચૂંટણીમાં નોટાનો ઉપયોગ અને મત રદ થવાને કારણે ઘણા બધા પરિણામો રોચક રહ્યા છે.

જિલ્લામાં સરઢવ અને નાંદોલ ગામના સરપંચો ૧૮૦૦થી વધુ મતની સરસાઈએ જીત્યા છે. આ ચૂંટણીમાં ૨ થી ૧૮૦૦ મતની સરસાઈ નોંધાઈ હોવાથી જંગ રસાકસીભર્યો હતો તેમજ જિલ્લામાં પરિણામો અંગે લાખો રૂ.ની શરતો પણ લાગી હતી.

આ ચૂંટણીમાં યુવાઓ સૌથી વધુ ચૂંટાયા છે. નવા ચહેરાઓની મતદારોએ પસંદગી નવી આશાઓ સાથે કરી છે.

## જિલ્લામાં ૬ ગ્રામ પંચાયતો સતત પાંચમીવાર સમરસ બની

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૬ ગ્રામ પંચાયતો એવી છે જે સતત પાંચમીવાર સમરસ થઈ છે. જેમાં માણસા તાલુકાની પાંચ ગ્રામ પંચાયતોનો અને દહેગામની એક ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. માણસાની મોતીપુરા(વે), આનંદપુરા(વે), હિંમતપુરા(બિ), ફતેપુરા, મકાખાડ ગ્રામ પંચાયત તેમજ દહેગામની શિવાપુરા ગ્રામ પંચાયતમાં છેલ્લા ૨૫ વર્ષથી ચૂંટણી થઈ નથી.

જિલ્લામાં પ્રથમ વખત ૧૦ ગ્રામ પંચાયતો સમરસ બની છે. તેમાં માણસાની પાંચ, ગાંધીનગરની બે, દહેગામની ૪ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. માણસાની પ્રેમપુરા(વે), આનંદપુરા(સૌ), ઈન્દ્રપુરા, પાલડીરાઠોડ, ગાંધીનગરની ચેખલારાણી અને કાકાનું તારાપુર, દહેગામ તાલુકામાં અરજણજીના મુવાડા, પસુણિયા, બારોટના મોસમપુર અને મીઠાના મુવાડાનો સમાવેશ થાય છે. જિલ્લામાં દહેગામની ઓતમબુરા પંચાયત સતત બીજીવાર સમરસ થઈ છે. જિલ્લામાં માણસાની બળીયાનગર, રાજપુરા, દહેગામની બદપુરા અને ઝાલાના મુવાડા પંચાયત ત્રણ વખત સમરસ થઈ છે.

## આજે માણસામાં કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ગુરૂવારે માણસા ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર અને વિપક્ષના નેતા સુખરામ રાઠવાના નેતૃત્વમાં આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. યાદીમાં જણાવાયા મુજબ લોખશાહીને છાજે તેવો આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શનનું આયોજન સવારે ૧૦ વાગે કરવામાં આવ્યુ છે. આ વિરોધ પ્રદર્શનમાં ચૂંટાયેલા સભ્યો, વિવિધ પાંખોના હોદ્દેદારો, જિલ્લાના આગેવાન કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેશે.

# ગુજરાતની વાયબ્રન્ટ સમિટમાં મૂડીરોકાણ આકર્ષવા ગ્રીન હાઈડ્રોજન પોલિસીની તૈયારી

**ઉદ્યોગજૂથો પ્રોજેક્ટ નાંખી શકે તે માટે કચ્છ સહિતના વિસ્તારોમાં સરકારી જમીન અનામત કરી દેવામાં આવી છે**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની ૧૦મી વાયબ્રન્ટ સમિટ પૂર્વે મૂડીરોકાણ આકર્ષવા રાજય સરકાર ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ પોલિસી લાવી રહી છે. રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તેને સ્વિકૃતિ આપતાં જણાવ્યું છે કે ફ્યુચર ફ્યુઅલ માટે અમે ગ્રીન હાઈડ્રોજન પોલિસી લાવી રહ્યાં છીએ, જેમાં પ્રોજેક્ટ સ્થાપનારા ઉદ્યોગજૂથોને અનેક પ્રોત્સાહન અને જમીન અપાશે.

રાજયના કચ્છ સહિત દરિયાકિનારાના અનેક વિસ્તારોમાં સરકારી જમીન અનામત કરી દેવામાં આવી છે. વાયબ્રન્ટ સમિટ પહેલાં ગ્રીન હાઈડ્રોજન પોલિસી જાહેર કરવામાં આવશે. અત્યારે આ પોલિસી હેઠળ મુખ્યમંત્રી કાર્યાલય અને સંલગ્ન વિભાગોના અધિકારીઓની બેઠકો ચાલી રહી છે.

આ પોલિસીમાં હાઈડ્રોજન ઈંધણ ઉત્પાદન જેવા સનરાઈઝ સેક્ટર કે જે ક્ષેત્ર નવું છે અને દુનિયાના દેશોમાં વિકસી રહ્યું છે અને તે ભવિષ્યમાં મહત્વપૂર્ણ બનવાનું છે તેના માટે નાણાકીય સબસિડી અથવા વાયેબિલિટી ગેપ ફંડિંગના સ્વરૂપમાં પ્રોત્સાહનો સમાવાશે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ગ્રીન હાઈડ્રોજન ઉર્જા ઉત્પાદનને આબોહવા પરિવર્તનના પ્રતિકાર તરીકે જોવામાં આવે છે જે નાણાકીય પ્રોત્સાહનો સંશોધન અને વિકાસ અને માનવ સંસાધનોના ક્ષેત્રને પણ આવરી લેશે. ગુજરાતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, અદાણી જૂથ, એલએન્ડટી, એનટીપીસી, ગેઈલ અને આઈઓસી જેવી કેટલીક મોટી કંપનીઓ હાઈડ્રોજન ફ્યુઅલ પ્રોજેક્ટ માટે ઉત્સુક હોવાનું માનવામાં આવે છે.

રાજયના એનર્જી વિભાગના ટોચના અધિકારીએ કહ્યું હતું કે ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ માટે

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં જુનિયર ટાઉન પ્લાનરની ભરતી માટેની પરીક્ષા હાલ પૂરતી સ્થગિત કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મનપામાં જુનિયર ટાઉન પ્લાનરની ભરતી માટે યોજાયેલી પ્રિલીમ પરીક્ષા હાલ પૂરતી સ્થગિત કરવાનો નિર્ણય ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કરવામાં આવ્યો છે.

આયોગના આ નિર્ણયની જાણકારી આયોગના અધ્યક્ષ દિનેશ દાસાએ ટ્વીટ કરીને આપ્યુ છે.

દાસાએ તેમની ટ્વીટમાં જણાવ્યુ છે કે જેટીપી તથા પ્લાનીંગ આસિટન્ટના ભરતી નિયમોમાં ફેરફાર થવાની શકયતા હોઈ પરીક્ષા હાલ પુરતી સ્થગિત રાખવામાં આવી છે.

તેજ રીતે અન્ય જાહેરાતોમાં જગ્યાની સંખ્યામાં ફેરફાર થવાની ગાંધીનગર મનપા દ્વારા આયોગને જાણ કરવામાં આવી હોય પ્રિલીમ ટેસ્ટના પરિણામ જાહેર કરવામાં આવ્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જુદી જુદી કક્ષાના ૧૮૦૦ આવાસો રીનોવેશન હેઠળ આવરી લેવા આયોજન

**મજબુતીકરણની કામગીરીના અંતે જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા પણ સરળ બનશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે દિનપ્રતિદિન જોખમી મકાનોની સંખ્યા વધી રહી છે. ત્યારે તંત્ર માટે વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા પણ સરળ રહી નથી. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો રીનોવેશન હેઠળ લેવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૮૦૦ જેટલા મકાનો મજબુતીકરણ હેઠળ આવરી લેવા માટે આયોજન કરાયુ છે.

ગાંધીનગર શહેરમાં રહેણાંકનો લાયક સરકારી આવાસો રહ્યા નથી સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે આ જોખમી આવાસો ખાલી કરાવી તબક્કાવાર મકાનો તોડવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ હાલ એકબાજુ સરકારી ચોપડે આવાસો માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે જોખમી મકાનો ખાલી કરાવી અન્ય વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાનુ પણ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. ત્યારે શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી મકાનોને ખાલી કરાવવાની કામગીરી પણ તંત્ર માટે માથાના દુખાવારૂપ બની છે. એકબાજુ સેકટરોમાં ભયજનક મકાનોનો સર્વે કરી હવે તબક્કાવાર તોડી નાંખવા માટે પણ મંજુરી આપવામાં આવી રહી છે. ત્યારે નવા આવાસોના નિર્માણ કામમાં પણ હજુ સમય લાગે તેમ છે. ત્યારે હાલની સ્થિતિએ ઝડપથી મકાન તૈયાર થાય અને કર્મચારીઓને વસવાટ મળે તેવા આશયથી સેકટરોમાં રીનોવેશન હેઠળ આવરી લેવાય તેવા મકાનો અંગે પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૮૦૦ જેટલા મકાનોને મજબુતીકરણ હેઠળ આવરી લેવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં સેકટરોમાં સ્થિત આ

● અનુસંધાન પાન-૭ પર

## ઓમિક્રોનનો દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં ઓમિક્રોનના નોંધાયેલો દર્દી કોરોનામુક્ત થતાં તેને આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ દર્દીને ડિસ્ચાર્જ મળતાં જ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

સે. ૧માં નોંધાયેલા આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતો. આ દર્દીના સળંગ બે રિપોર્ટ નેગેટીવ આવતાં તેને આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં નવેમ્બરથી અત્યાર સુધીમાં ૩૧ કેસ નોંધાયેલા છે. આ પૈકી હાલ માત્ર ૧૨ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. શહેરમાં આ વખતે મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# લગ્નની કંકોતરી પણ ઢોલ વગાડી અને તિલક કરી આપવાનો અનોખો અભિગમ

ગાંધીનગર, તા. ૨૨

લગ્નસરાની મોસમનો એક તબક્કો પૂર્ણ થયો



છે. લગ્નસરાની સીઝનમાં લગ્નની કંકોતરી એ પણ ઢોલ-નગારાના સાજીંદાઓને લઈ વિતરણ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં માલાબેન દવે અને કિલ્લોલભાઈ દવેએ તેમના પુત્ર સ્વપ્રીલના ધરતી સાથે તા. ૯મી જાન્યુઆરીએ યોજેલા લગ્નની કંકોતરી પણ નોખી બનાવી છે અને લગ્નની કંકોતરી આપવા જવાની તેમની નોખી રીત અપનાવી સૌ સ્વજનોને મોહી લીધા છે.

લાગણીનો મેળો તેમના પરિવારમાં યોજાઈ રહ્યો છે. ગરબાના શોખીન માલાબેન દવે અને કિલ્લોલભાઈ દવેએ તેમની કંકોતરીમાં દિકરા સ્વપ્રીલ અને પુત્રવધુ ધરતીનો ફોટો છાપ્યો છે તેમજ શુભ પ્રસંગો તે ટાઈમટેબલ જેવો કોઠો બનાવી મુદ્રિત કર્યો છે.

તેઓ તેમના સ્વજનોને કંકોતરી આપવા જાય છે ત્યારે તેમની સાથે ગાડીમાં ઢોલ-નગારાવાળાની જોડી સામેલ હોય છે. ઢોલ વગાડતા વગાડતા જવાનુ તેમજ સ્વજનને તિલક કરી કંકોતરી આપી અને લાગણીના મેળામાં હાજર રહેવાનું નોંતરૂ આપે છે.

માલાબેન-કિલ્લોલભાઈ દવેનો આ અનોખો અભિગમ તેમના સ્વજનો અને મિત્રોના પરિવાર માટે આકર્ષક અને અભિનવ બની રહ્યો છે.


## સદગતનું બેસણું



**સ્વ. ઘનશ્યામભાઈ કાંતિભાઈ પટેલ ( સિકંદર )**

ગામ : અંબાપુર, ગાંધીનગર (હાલ ગાંધીનગર)

જન્મ: 25/10/1964 / સ્વ. તા:14/12/2021

સદગતનું બેસણું

બેસણું તા. 23/12/2021 ને ગુરુવારના રોજ સવારે 8:00થી 11:00 કલાકે રાખેલ છે.

લિ. શોકાતુર

કાંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ

દિપકભાઈ કાંતિભાઈ પટેલ : મો. 9898996921

હરેશભાઈ કાંતિભાઈ પટેલ : મો. 9327023406

સ્થળ

ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરીની સામે, સેક્ટર-12, ગાંધીનગર



॥ જય શ્રી રાધે ॥ **સ્થાનિક બેસણું** ॥ જય અંબે ॥



**સ્વ. મુકુંદચંદ્ર નટવરલાલ સુખડીયા** (ઉ.વ. ૭૨)

અત્યંત દુઃખભર્યા સ્વરે જણાવવાનું કે અમારા વડીલ ભાઈશ્રી

**મુકુંદચંદ્ર નટવરલાલ સુખડીયા**

તા.૨૧-૧૨-૨૦૨૧, મંગળવારના રોજ નિકુંજવાસ પામેલ છે.

સદગ્તનું બેસણું તા.૨૩-૧૨-૨૦૨૧, ગુરુવારના રોજ બપોરે ૩ થી ૫ કલાકે અમારા નિવાસસ્થાન પેથાપુર ખાતે રાખેલ છે.

નિવાસસ્થાન

રાધે ભુવન, પ્લોટ નં. ૬૬, સોમનાથ સોસાયટી, મુ. પેથાપુર, તા.જિ. ગાંધીનગર

લી. શોકાતુર પરિવારજનો

દિલીપભાઈ નટવરલાલ સુખડીયા (ભાઈ) ધ્રુવીલ કેતનભાઈ સુખડીયા (પૌત્ર)

કેતનભાઈ મુકુંદચંદ્ર સુખડીયા (પુત્ર) વ્રજ હિરેનભાઈ સુખડીયા (પૌત્ર)

હિરેનભાઈ મુકુંદચંદ્ર સુખડીયા (પુત્ર) તક્ષીલ હિરેનભાઈ સુખડીયા (પૌત્ર)

તથા શ્રી નટવરલાલ પિતાંબરદાસ સુખડીયા પરિવાર

ફર્મ

• અંબિકા સ્વીટ માર્ટ - સે.૧૭, શોપીંગ •

• વ્રજ ગોપાલ ડેરી - સે.૨૧ ડીસ્ટ્રી. શોપીંગ • એસ. કે. કેટરર્સ - સે.૧૭

મો. ૯૮૨૫૦૧૧૩૬૧ (કેતન) • મો.૯૪૨૭૩ ૧૧૭૫૫ (હિરેન)


# ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા હવે ૨૮ માર્ચથી આરંભાશે

**કોવિડના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખી સરકારે નિર્ણય કર્યો : ધો - ૯ થી ૧૧ ની વાર્ષિક પરીક્ષાની તારીખ પણ લંબાવી ૨૧ એપ્રિલ કરવામાં આવી : ઉનાળુ વેકેશન પણ ૯ મેં થી શરૂ થશે**

ગાંધીનગર તા ૨૨

ગુજરાતમાં વધતા કોરોનાના સંક્રમણ વચ્ચે સરકારે વિદ્યાર્થીઓના હીતમાં મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે આગામી તા ૧૪ માર્ચથી લેવાનારી બોર્ડ પરીક્ષાના સમયમાં ફેરફાર કર્યો છે. બોર્ડ પરીક્ષાની તારીખ લંબાવી હવે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા તા ૨૮ માર્ચથી લેવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ધો - ૯ થી ૧૧ ની શાળાકીય વાર્ષિક પરીક્ષા પણ તા ૧૧ એપ્રિલના બદલે હવે તા ૨૧ એપ્રિલથી શરૂ કરાશે. જયારે વર્ષ ૨૦૨૨-૨૩ ને અનુલક્ષી ઉનાળુ વેકેશનના સમયમાં પણ ફેરફાર કરાયો છે. તા ૨ મેં ના બદલે હવે ૯ મેંથી ઉનાળુ વેકેશન શરૂ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા હવે તા ૨૮ માર્ચથી શરૂ થશે જયારે ધો - ૯ થી ૧૧ ની વાર્ષિક પરીક્ષા તા ૧૧ એપ્રિલના બદલે તા ૨૧ એપ્રિલથી શરૂ કરાશે. કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. એકબાજુ ઓમીક્રોનના કેસ વધતા સૌ કોઈમાં ચિંતા પ્રવર્તી છે. ત્યારે રાજકીય મેળાવડા અને લગ્નસરાની નિખરીતી મોસમ વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી સતત કોરોનાના કેસ વધી રહ્યા છે. આવા સંજોગોમાં ગુજરાતની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. આ સ્થિતિ વચ્ચે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે આગામી દિવસોમાં શાળા કક્ષાએ તેમજ બોર્ડની પરીક્ષાઓ લેવાની તારીખ પણ અગાઉ જાહેર કરવામાં આવી હતી. સરકારે ધો -૧૦ અને ધો-૧૨ તેમજ ધો ૯ થી ૧૧ ની વાર્ષિક પરીક્ષાના સમયમાં ફેરફાર કરાયો છે. આ પરીક્ષા હવે અગાઉ કરતા બે સપ્તાહ મોડી લેવાશે અલબત્ત ધો -૧૦ અને ધો -૧૨ ની પરીક્ષા હવે તા ૧૪ માર્ચના બદલે તા ૨૮ માર્ચના રોજથી શરૂ કરાશે. જયારે પરીક્ષાના ટાઈમટેબલમાં ફેરફાર થતા ઉનાળુ વેકેશનના સમયગાળામાં ફેરફાર કરાયો છે. શિક્ષણ બોર્ડે આજે પરીક્ષામાં ફેરફાર અંગેની જાહેરાત કરી હતી. રાજયની માન્યતા ધરાવતી શાળાઓના લાખો વિદ્યાર્થીઓના હીતમાં આ નિર્ણય લેવાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com